## સંકલ્પ સંબંધમાં રીત

## નિયમ–૧૧૭

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:–**
**(શ્રી રમેશભાઇ ટીલાળા)**

માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે .............

કોઈપણ કાર્યની સફળતા તેની પાછળ રહેલા સંકલ્પને આભારી છે. દ્રઢ સંકલ્પથી જ સફળતા અને સમૃધ્ધિના દ્વાર ખૂલે છે. ભારતવાસીઓ માટે આવું એક કદમ એટલે “વિકસિત ભારત સંકલ્પ યાત્રા”. આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડ રાજયમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે ગુલામીની માનસિકતામાંથી બહાર આવીને વર્ષ–૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા.

રાજયના છેવાડાના માનવી કે જે રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવાની પાત્રતા ધરાવે છે, તેમને આવી યોજનાઓનો લાભ પહોંચાડવા તથા જનજાગૃતિ લાવવા સમગ્ર ભારતમાં “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યાત્રાનો પ્રારંભ અંબાજીથી કરાવ્યો હતો.

જનસેવા અને લોકકલ્યાણના ઉદ્દેશથી યોજવામાં આવેલ આ સંકલ્પ યાત્રા દરમિયાન લોકોને વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી અને મળવાપાત્ર લાભ પ્રાપ્ત કરાવવામાં આવ્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડીટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવેલ હતી. સરકારની ઉક્ત યોજનાઓને પાત્ર હોય તેવા એક પણ લાભાર્થી છૂટી ના જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

“વિકસિત ભારત સંકલ્પ યાત્રા” લોકોના સપનાઓને સાકાર કરવા માટે સરકારનો અડગ નિર્ધાર સાથેનો સંકલ્પ છે. સમગ્ર દેશ તથા ગુજરાતમાં તા.૧૫મી નવેમ્બર, ૨૦૨૩ થી

તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ સુધી આ સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આશરે ૧૪,૫૦૦થી વધુ ગ્રામ પંચાયત સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચી હતી. આવી યાત્રા દરમિયાન ૬૦ લાખથી વધારે વ્યક્તિઓએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લીધા હતા. યાત્રા દરમિયાન ૩ લાખથી વધુ વ્યક્તિઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

આ સંકલ્પ યાત્રાને સફળ બનાવવા આખા રાજયના વહીવટી તંત્રએ પણ અથાગ પ્રયત્નો કર્યા હતા. ગ્રામ્ય કક્ષાએ પણ અધિકારીઓ અને પદાધિકારીશ્રીઓ દ્વારા એકબીજાના સંકલનમાં રહીને યાત્રાની કામગીરી સુચારૂ રીતે પાર પાડવામાં આવી હતી.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરાવવામાં આવેલ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વ્યાપક રીતે શરૂ કરવામાં આવી હતી અને તેને અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ના અજોડ આયોજન બદલ આ સભાગૃહ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

**અધ્યક્ષ:–** સંકલ્પ રજૂ થાય છે.

**(ત્યારબાદ સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી, મંત્રીશ્રી અને અન્ય સભ્યશ્રીઓ વકતવ્યો કરે છે.)**

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:–** . . . . . . . . . . . . . . . .
**સભ્ય:–** . . . . . . . . . . . . . . . .
**સભ્ય:–** . . . . . . . . . . . . . . . .
**મંત્રીશ્રી:–** . . . . . . . . . . . . . . . .

**(ત્યારબાદ સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી ચર્ચાનો જવાબ આપે છે.)**

**સંકલ્પ રજૂ કરનાર સભ્યશ્રી:–** . . . . . . . . . . . . . . . .
**(શ્રી રમેશભાઇ ટીલાળા)**

**<u>સભ્યશ્રી પોતાનો સંકલ્પ પાછો ખેંચી લેવાની પરવાનગી માગે તો</u>**

**સભ્ય:–** માનનીય અધ્યક્ષશ્રી હું મારો સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી માગું છું.

**અધ્યક્ષ:–** પ્રશ્ન એ છે કે સભાગૃહ માનનીય સભ્યશ્રીને તેમનો સંકલ્પ પાછો ખેચી લેવાની પરવાનગી આપે. જેઓ તરફેણમાં હોય તેઓ "હા" કહે (થોડીવાર રહીને) જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે.

**<u>પરવાનગી આપવાની તરફેણમાં બહુમતી જણાય તો</u>**

**અધ્યક્ષઃ-** મને લાગે છે કે "હા" કહેનારાની બહુમતી છે(થોડી વાર રહીને) "હા" કહેનારાની બહુમતી છે. માનનીય સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહ પરવાનગી આપે છે.

**સભ્યઃ-** માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

**<u>પરવાનગી આપવાની વિરુધ્ધમાં બહુમતી જણાય તો</u>**

**અધ્યક્ષઃ-** મને લાગે છે કે "ના" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "ના" કહેનારાની બહુમતી છે. માનનીય સભ્યશ્રીને સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી નથી.

**<u>સભ્યશ્રી સંકલ્પ પાછો ખેંચી લેવાની સભાગૃહની પરવાનગી ન માગે અથવા સભાગૃહ પરવાનગી ન આપે તો</u>**

**અધ્યક્ષઃ-** હવે હું સંકલ્પ મત માટે મૂકીશ. પ્રશ્ન એ છે કે જેઓ સંકલ્પની તરફેણમાં હોય તેઓ "હા" કહે જેઓ વિરુધ્ધમાં હોય તેઓ "ના" કહે મને લાગે છે કે "હા"/"ના" કહેનારાની બહુમતી છે (થોડીવાર રહીને) "હા"/"ના" કહેનારાની બહુમતી છે. સંકલ્પનો સ્વીકાર/અસ્વીકાર કરવામાં આવે છે.